ગ્રંથ અને ગ્રંથકાર

ગ-૧૬૦

[પુસ્તક ૧૧ મું]

ઈ. સ. ૧૯૫૧ થી ૧૯૬૦

- સંપાદકો -

પીતાંબર પટેલ

ચિમનલાલ ત્રિવેદી

8G0.9 Granth
Palap
17126

ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ

દી. બ. મણિભાઈ જશભાઈ કચ્છ સ્મારક ગ્રંથમાળા–પુ૦ ૧૧

ગ્રંથ અને ગ્રંથકાર

[પુસ્તક ૧૧ મું]

ઈ. સ. ૧૯૫૧ થી ૧૯૬૦

*

સંપાદકો

પીતાંબર પટેલ
ચિમનલાલ શિ. ત્રિવેદી

ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ

: પ્રકાશક :
જેઠાલાલ જીવણલાલ ગાંધી
સહાયક મંત્રી, ગુજરાત વિદ્યાસભા, ભદ્ર, અમદાવાદ

૪૯૦.૭
સહ૫
(ગુંદિ)

આવૃત્તિ ૧ લી
પ્રત ૨૨૦૦

ઈ. સ. ૧૯૬૬
વિ. સં. ૨૦૨૩

કિંમત રૂ. સાડા પાંચ

૧૭,૧૨૬
17126

: મુદ્રક :
મણિભાઈ પુ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ

નિવેદન

સને ૧૯૩૦ માં શરૂ કરેલી "ગ્રંથ અને ગ્રંથકાર"ના પ્રકાશનની યોજના અનુસાર આ અગિયારમું પુસ્તક પ્રગટ થાય છે. આ યોજનાનું દસમું પુસ્તક સને ૧૯૫૨ માં પ્રસિદ્ધ થયેલું અને તેમાં સને ૧૯૪૨ થી સને ૧૯૫૦ સુધીના સમયની વિગતો આપવામાં આવેલી. પ્રસ્તુત અગિયારમા પુસ્તકમાં સને ૧૯૫૧ થી ૧૯૬૦ સુધીના સમયની વિગતો આપવામાં આવી છે. શરૂઆતનાં વર્ષોમાં થતું તે પ્રમાણે આ યોજનાનાં પ્રકાશનો ટૂંકા સમયના ગાળે પ્રગટ કરી શકાતાં નથી તેનાં કારણો સહેજે સમજી શકાય તેવાં છે. અત્યારની મોંઘવારીની અને અગાઉના ગ્રંથોમાં નહિ સમાવી શકાયેલા ગ્રંથકારોના પરિચય મેળવવામાં મુશ્કેલી એ આમાં મુખ્ય છે. પોતાને પરિચય મેળવતાં કેટલી મુશ્કેલીઓ પડી છે તે અંગે સંપાદકો શ્રી પીતાંબરભાઈ પટેલ અને પ્રા. ચીમનભાઈ ત્રિવેદીએ પોતાનું બયાન આપેલું છે; તેમ છતાં ખૂબ ધીરજ અને ચીવટ રાખી, શક્ય હોય તેટલી ઝડપથી, તેમણે પોતાનું કાર્ય પાર પાડ્યું છે. આ બદલ ગુજરાત વિદ્યાસભા સંપાદકોનો આભાર માને છે.

જે ગ્રંથકારોએ પોતાની અથવા બીજાઓને લગતી માહિતી સંપાદકોને પહોંચાડી છે તેમનો પણ આભાર માનવો ઘટે છે. કારણકે તેમના સાથ-સહકાર વગર સંપાદકો પોતાનું કાર્ય પાર પાડી શક્યા નહોત. ભવિષ્યમાં પણ આ યોજના ચાલુ રહેવાની જ છે, અને તેથી જેમનો પરિચય મેળવવાનો છે તેમનાં તથા જેમને સંપાદનનું કાર્ય સોંપવામાં આવે તેમનાં ખંત, ચીવટ અને સહાયની અમે પૂરેપૂરી આશા રાખીએ છીએ. આશા છે કે આ પ્રકાશન અગાઉનાં પ્રકાશનોની જેમ સૌને ઉપયોગી નીવડશે અને એટલા પ્રમાણમાં સંપાદકોને તથા સંસ્થાને સંતોષ આપનાર બનશે.

આ પુસ્તક દી. બ. મણિભાઈ જશભાઈ કચ્છ સ્મારક ગ્રંથમાળાના ૧૧ મા પુસ્તક તરીકે પ્રસિદ્ધ થાય છે. અગાઉનાં પ્રકાશનો નીચે પ્રમાણે છે.

૧. ઇંગ્લંડની ઉન્નતિનો ઇતિહાસ	કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી	૨–૦૦
૨. પ્રતિનિધિરાજ્ય વિષે વિવેચન	જગજીવનદાસ ભ. કાપડિયા	૧–૦૦
૩. પ્રાચીન ભારત ભા. ૧	લક્ષ્મીશંકર મોરારજી ભટ્ટ	૦–૭૫
૪. રૂશિયા	કૃપાશંકર દોલતરામ	૦–૩૭
૫. લોકોપયોગી શરીરવિદ્યા	નીલકંઠરાય ડાહ્યાભાઈ છત્રપતિ	૦–૨૫
૬. અકબર	ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી	૦–૫૦
૭. યુરોપના સુધારાનો ઇતિહાસ	અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી	૦–૭૫
૮. હિંદુ રસાયનશાસ્ત્રનો ઇતિહાસ	પર્જન્યરાય વૈકુંઠરાય મેઢ	૦–૩૭
૯. પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં વૃત્તરચના	ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા	૦–૭૫
૧૦. ભૂમંડલીય સૂર્યગ્રહણ	હરિહર પ્રા. ભટ્ટ અને છોટુભાઈ સુથાર	૨–૫૦

ગુજરાત વિદ્યાસભા
ભદ્ર, અમદાવાદ–૧
તા. ૭–૧૨–૧૯૬૬

જેઠાલાલ જી. ગાંધી
સહાયક મંત્રી

પ્રસ્તાવના

'ગ્રંથ અને ગ્રંથકાર'નો દસમો ભાગ ઈ. ૧૯૫૨ માં પ્રગટ થયો હતો. ઈ. ૧૯૬૨ લગભગ અમને અગિયારમા ભાગનું સંપાદન-કાર્ય સોંપાયેલું. દરેક દસકે આ ગ્રંથ હવે પ્રગટ થતો રહે તો તેનો ઉદ્દિષ્ટ હેતુ બર આવે એમ અમને પણ લાગે છે. ઈ. ૧૯૫૦ થી ૧૯૬૦ ના દસકાના સાહિત્ય-પ્રવાહોનું અવલોકન અને એ ગાળાના લગભગ પચાસ-પંચાવન જેટલા લેખકોનો પરિચય આ ભાગમાં આપવાની અમે યોજના કરી હતી. એ પ્રમાણે ગ્રંથકાર-ચરિતાવલિના બીજા વિભાગ માટે પ્રશ્નાવલી તૈયાર કરીને જે લેખકોની યાદી તૈયાર કરેલી તેમને મોકલવામાં આવી હતી. બીજી બાજુ, દસકાના સાહિત્યપ્રવાહોના અવલોકનનું કાર્ય આરંભ્યું હતું. આ માટે અમે પ્રથમ સહાય ગુજરાત સાહિત્યસભા તરફથી પ્રગટ થયેલી સમીક્ષાઓની લીધી. પરંતુ આ દસકાની સઘળી સમીક્ષાઓ પ્રગટ થઈ નહિ હોવાથી (અને પ્રગટ થયેલી સમીક્ષાઓમાં પણ બધાં પ્રકાશિત પુસ્તકો સમીક્ષાર્થે નહિ આવતાં હોવાથી) દસકાનાં મહત્ત્વનાં પુસ્તકો ખ્યાલ બહાર ચાલ્યાં ન જાય એ હેતુથી ગુજરાત વિદ્યાપીઠના કૉપીરાઇટ પુસ્તકાલયના નોંધપત્રકની સહાય લીધી, અને દસકામાં પ્રગટ થયેલાં સઘળાં પુસ્તકોની નોંધ કરી. એ કાર્ય માટે ઠીક ઠીક સમય ગયો. ઉપરાંત આપણાં સામયિકોમાં 'સાભાર-સ્વીકાર'ની નોંધ પામેલાં કે અવલોકાયેલાં પુસ્તકોની પણ યાદી કરી. આ સર્વ દ્વારા પ્રવાહોના અવલોકનની પ્રાથમિક ભૂમિકા પૂરી કરી. ઈ. ૧૯૬૪ માં આ ગ્રંથનો પહેલો વિભાગ—દાયકાના સાહિત્યનું પ્રવાહદર્શન—તૈયાર થયો, અને તે અમે વિદ્યાસભાને સોંપ્યો.

ગુજરાત સાહિત્ય સભાની વાર્ષિક સમીક્ષાઓ જો દસકાને અંતે પણ એકસાથે ઉપલબ્ધ થાય અને સર્વ પ્રકાશકો પોતાનાં સઘળાં પ્રકાશનો એ સમીક્ષા માટે મોકલે તો આ પ્રકારના કાર્યને ઘણી અનુકૂળતા રહે. કૉપીરાઇટ પુસ્તકાલયમાં પણ દસકાનાં સઘળાં પુસ્તકોની યાદી અદ્યતન હોવી મુશ્કેલ છે. ત્યાં પણ પ્રકાશકો પોતાનાં પ્રકાશનો નિરાંતે મોકલતા હોય એવું બને. આ સંયોગોમાં, પ્રમાદને કારણે નહિ પણ એવાં સાધનોને

અભાવે, પૂર્ણ તકેદારી રાખવા છતાં કોઈ મહત્ત્વની કૃતિ ખ્યાલ બહાર રહી ગઈ હોય અને આ પ્રવાહદર્શનમાં ન નોંધાઈ હોય એવું બનવાનો સંભવ છે. ઉપરાંત, સઘળાં પ્રકાશનોનો નામોલ્લેખ કરવો પણ પૃષ્ઠમર્યાદા જોતાં સંભવિત નથી. એટલે તે તે વિભાગનું અવલોકન કરતાં, મહત્ત્વની કૃતિઓનો સંક્ષેપમાં પરિચય આપી, બાકીનીનો નામનિર્દેશ કરી, અંતે 'વગેરે' લખીને સંતોષ માન્યો છે.

પ્રવાહદર્શન કરાવતાં જે વિભાગો પાડ્યા છે એ અવલોકનની સગવડ ખાતર. કેટલાંક પુસ્તકો, જેમકે ધર્મ કે નિબંધ, વ્યાકરણ કે સંપાદન, ચરિત્ર કે વિવેચન—એમ બંને વિભાગોમાં આવતાં હોય, પણ કોઈ એક વિભાગમાં નિર્દેશ કરીને સંતોષ માન્યો છે, અને ત્યાં એ અંગે ખુલાસો કરવાનો પણ યત્ન કર્યો છે. અનુવાદનો જુદો વિભાગ કરવાને બદલે અનુવાદોનો નિર્દેશ તે તે વિભાગને અંતે જ કર્યો છે. તેમ છતાં, કાવ્ય-અનુવાદો, મુખ્યત્વે સંપાદનો હોવાથી એમને 'સંશોધન–સંપાદન' વિભાગમાં સ્થાન આપ્યું છે. આટલું આ ગ્રંથના પહેલા વિભાગ અંગે.

હવે ગ્રંથકાર–ચરિતાવલિના બીજા વિભાગ અંગે. અમે લેખકની વય અને એમનું પ્રદાન—એ બે મુદ્દાઓને લક્ષમાં રાખીને લેખકોને પ્રશ્નાવલી મોકલી હતી. એમાં દસમા ગ્રંથની સૂચિની ભૂલને કારણે, પૂર્વેના ગ્રંથોમાં જેમનો પરિચય આવી ગયેલો તેમાંના કેટલાકને પણ એ પ્રશ્નાવલી ભૂલથી પહોંચેલી. એમણે અમને એ પ્રશ્નાવલી ભરીને મોકલી આપેલી. એમાંના કેટલાકનો પરિચય પણ અમે લખી નાખ્યો હતો. પણ સાથે સાથે આ ગ્રંથના ત્રીજા વિભાગ 'સૂચિ'નું કામ ચાલતું હતું એ નિમિત્તે જૂના દસે ગ્રંથો જોવાનું થયું, અને એ ગ્રંથોમાં આ લેખકોનો પરિચય આવી ગયેલો જોયો, એટલે એમનો પરિચય આ ગ્રંથમાં ફરીથી આપ્યો નથી. એ સર્વ લેખકોને પડેલી તકલીફ માટે અમે ક્ષમા માગીએ છીએ.

આ કાર્યમાં એથી ઊલટોયે અનુભવ થયો છે. કેટલાક લેખકોએ અમને પ્રશ્નાવલી ભરીને મોકલેલી નહિ. એમને વારંવાર વિનંતી કરી એટલે કેટલાકે તે મોકલી આપી, પણ થોડાક ખ્યાતનામ ગ્રંથકારોની માહિતી તો અમારે અન્યત્રથી વાંચીને કે મળીને એકઠી કરવી પડી છે. તેમણે પ્રશ્નાવલી ભરીને મોકલી હોત તો અમારું કામ વિશેષ સરળ બન્યું હોત. સ્વ. કવિ ભાનુશંકર વ્યાસ 'બાદરાયણ' અને સ્વ. કવિ 'સાલિક' પોપટિયા માટે અમને શ્રી રમણભાઈ વકીલ અને શ્રી જમિયત પંડ્યા તેમ જ શ્રી કિસ્મત

કુરેશીએ સહાય કરી છે. એ માટે અમે એમના આભારી છીએ. શ્રી રસિકલાલ છો. પરીખનો પરિચય અગાઉના ગ્રંથોમાં નથી આવી ગયો એ જાણીને આશ્ચર્ય અનુભવેલું. ઉપલબ્ધ સામગ્રી અને એમની રૂબરૂ મુલાકાત દ્વારા એમનો પરિચય તૈયાર કર્યો છે. સદ્. કવિ 'મોહિનીચંદ્ર', સદ્. નાટ્યકાર પ્રભુલાલ દ્વિવેદી અને સદ્. શ્રી ભદ્રકુમાર યાજ્ઞિકે એમના અવસાન પૂર્વે પ્રશ્નાવલી ભરીને મોકલી દીધી હતી. વિનંતીપત્રો મોકલવા છતાં જેમના તરફથી પ્રશ્નાવલીના ઉત્તરો ન મેળવી શકયા તે સર્વશ્રી સુરેશ જોશી, મકરંદ દવે, સ્વ. બકુલેશ, અશોક હર્ષ, પ્રહ્લાદ બ્રહ્મભટ્ટ, નીરુભાઈ દેસાઈ, સ્વ. વજુભાઈ કોટક, અસીમ રાંદેરી, 'બેકાર', અવિનાશ વ્યાસ વગેરેના પરિચયનો આમાં સમાવેશ કરી શકાયો નથી. કેટલાક લેવાવા જોઈતા લેખકો, અનવધાન દોષને કારણે રહી ગયા હોય એમ પણ બને. કેટલાકનાં ફૉર્મ્સ એટલાં મોડાં આવ્યાં કે એમનો પરિચય આ ગ્રંથમાં લઈ શકાયો નથી. શ્રી સ્વામી આનંદને પણ પ્રશ્નાવલી મોકલેલી, પણ જવાબમાં એમણે આ યોજનામાંથી પોતાને 'બાતલ રાખવા' જણાવ્યું. કેટલાક લેખકમિત્રોએ સામેથી પોતાનો પરિચય આ ગ્રંથમાં લઈ શકાય કે કેમ એમ પુછાવેલું, પરંતુ અમે નક્કી કરેલી નીતિયોજનામાં જે લેખકો નહોતા આવતા એમને અમે દિલગીરીપૂર્વક નકારાત્મક ઉત્તર આપ્યો છે. એ માટે અહીં ફરીથી દિલગીરી વ્યક્ત કરીએ છીએ. અલબત્ત, તેમનો સમાવેશ આગામી ગ્રંથમાં થઈ શકશે.

ઘણાખરા લેખકોનો પરિચય અમે 'પ્રવાહદર્શન પછી તરત જ લખી નાખ્યો હતો, પરંતુ 'પ્રવાહદર્શન'ના પહેલા વિભાગનું છાપકામ મોડું શરૂ થયું એનો લાભ લઈ ૧૯૬૫ લગભગ જે લેખકોની કૃતિઓ પ્રગટ થઈ હતી તેમને પરિચયમાં ઉમેરી દીધી છે, અને એ પરિચયને અદ્યતન બનાવવાનો યત્ન કર્યો છે. તેમ છતાં સર્વ લેખકો માટે એ શક્ય બન્યું નથી. ઘણા લેખકોને વિનંતી કરવા છતાં એમની કૃતિઓનાં પ્રકાશન–વર્ષ તેમ જ અન્ય સામગ્રી પૂરી પાડેલ નથી. અમે બને એટલી માહિતી એકત્રિત કરીને અહીં રજૂ કરવાનો યત્ન તો કર્યો છે, છતાં જે લેખકોની માહિતી—ખાસ કરીને એમનાં છેલ્લાં પ્રકાશનો અંગેની—અધૂરી રહી ગઈ હોય તે માટે દિલગીરી વ્યક્ત કરીએ છીએ.

છેલ્લે આ ગ્રંથના ત્રીજા વિભાગ 'સૂચિ' વિશે થોડુંક. અત્યાર સુધીનાં ગ્રંથ–ગ્રંથકારનાં બધાં પુસ્તકોમાં જેમનો પરિચય આવી ગયો છે તે લેખકોની જન્મતારીખ અને લેખક વિદ્યમાન ન હોય તો અવસાનતારીખ આ

ગ્રંથની 'સૂચિ'માં અપાય તો આ ગ્રંથની ઉપયોગિતા વધે, અને સંદર્ભગ્રંથ તરીકે તે વિશેષ ઉપયોગી બને એવા મુ. શ્રી ઉમાશંકરભાઈ જોશીના ઉપયોગી સૂચનને સ્વીકારીને શક્ય તેટલા લેખકોની તારીખો (કે છેવટે વર્ષો) મેળવીને અહીં આપેલ છે. આ વિશેની ટૂંકી નોંધ અમે 'સૂચિ'ના આરંભે મૂકી છે. સઘળાં સંવત્વર્ષો અને તિથિઓ, પંચાંગ જોઈ, ઈસ્વી સનનાં વર્ષો અને તારીખોમાં ફેરવી નાખ્યાં છે. તારીખો મેળવવા માટે અમે ત્રણસો ઉપરાંત પત્રો લખ્યા હતા, અને ઘણાંખરાંએ અમને તરત જ ઉત્તર આપીને આ કાર્યમાં સહાય કરી છે. જેમણે આવી સહાય કરી છે એ લેખકોનાં સર્વ સ્વજનો અને મિત્રોના અમે અંતરથી આભારી છીએ. એ સર્વનો નામ-નિર્દેશ કરવો પણ અહીં શક્ય નથી. પણ સર્વશ્રી બચુભાઈ રાવત, ભૃગુરાય અંજારિયા, લક્ષ્મીનારાયણ પંડ્યા, વિનોદિનીબહેન નીલકંઠ, ચિનુભાઈ પટવા, રતિલાલ દેસાઈ, ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી, દર્શક, આઈ. વી. ત્રિવેદી, પ. કુ. ત્રિપાઠી, રામલાલ નવનીતલાલ, ચંદ્રવિદ્યાનંદ પંડિત, રા. ના. પાઠક, દલસુખભાઈ માલવણિયા, ઉપેન્દ્રભાઈ પંડ્યા, ધીરુભાઈ ઠાકર, સી. જી. રાવલ, નવીનભાઈ શાહ, નિમિષાબહેન શુક્લ, 'મધુરમ્' તેમ જ 'સસ્તું સાહિત્ય' અને 'કરસનદાસ એન્ડ સન્સ'ના, આ કાર્યમાં સહાય કરવા માટે અમે આભારી છીએ.

વિદેહ થયેલા લેખકોની અવસાન-નોંધો આપણાં સામયિકોમાં લખાય છે ખરી, પણ એમાંની કેટલીક નોંધોમાં અવસાનની તારીખો આપવામાં આવતી નથી. એ નોંધોમાં જો ચોક્કસ તારીખો અપાય તો ભવિષ્યમાં આ પ્રકારના કાર્ય માટે તે ખૂબ ઉપયોગી થાય.

પ્રવાહદર્શન, ગ્રંથકાર-ચરિતાવલિ અને ગ્રંથ-ગ્રંથકારના અગિયારે ગ્રંથોના લેખકોની તારીખવાળી 'સૂચિ'—આ ત્રણે વિભાગોવાળું આ પુસ્તકનું સંપાદન સાહિત્યરસિકોને ઉપયોગી થશે એવી આશા છે. દસકામાં વિવિધ સામયિકોમાં પ્રગટ થયેલા ઉત્તમ લેખોની સૂચિ આમાં ઉમેરી શકાઈ હોત તો અમને આનંદ થાત. જોકે હવે એ પ્રકારના લેખો, આપણે ત્યાં વિવેચનસંગ્રહોનું પ્રકાશન ઝડપી બન્યું હોઈ, ગ્રંથરૂપે સુલભ થવા માંડ્યા છે એટલે 'ગ્રંથ-ગ્રંથકાર'ના એ ઉપયોગી અંગને અહીં સ્થાન ન આપીએ તો ખાસ ગેરલાભ થાય તેમ નથી.

આ કાર્યમાં અમને કેટલાક મિત્રોએ સહાય કરી છે. ખાસ કરીને પ્રા. હરિવદન મઝૂમદારે સહસંપાદક જેટલા ઉત્સાહથી, કેટલાક લખાણ-

કાર્યમાં પણ મદદ કરી છે. એ માટે એમના ખૂબ આભારી છીએ. ગુજરાત વિદ્યાસભાએ આ કાર્ય અમને સોંપીને દાયકાના સાહિત્યનું દર્શન કરવાની અને ગ્રંથકારોના માનસિક પરિચયમાં આવવાની ઉમદા તક આપી છે તે માટે અમે એ સંસ્થાના ઉપકૃત છીએ.

વિદ્યાસભાના કાર્યાલયમંત્રી શ્રી જેઠાલાલ ગાંધીએ આ ગ્રંથના સંપાદનમાં આવશ્યક માહિતી પૂરી પાડવામાં અને સાધનો સુલભ કરવામાં જે સહકાર આપ્યો છે તેની નોંધ લીધા વિના રહી શકતા નથી. ઉપરાંત, આદિત્ય મુદ્રણાલયના સહકાર માટે તેમ જ સુઘડ છાપકામ માટે અમે આભારી છીએ.

અમદાવાદ
૧–૧૨–૧૯૬૬

પીતાંબર પટેલ
ચિમનલાલ શિ. ત્રિવેદી

અનુક્રમણિકા

દાયકાના સાહિત્યનું પ્રવાહદર્શન		૧–૧૧૮
	પ્રવાહદર્શન	૧
૧	કવિતાં	૧૨
૨	નવલકથા	૨૬
૩	નવલિકા	૩૭
૪	નાટક	૪૩
૫	વિવેચન	૪૯
૬	સંશોધન–સંપાદન	૫૬
૭	સાહિત્ય–ઇતિહાસ	૬૬
૮	ભાષાવિજ્ઞાન–વ્યાકરણ–કોશ	૬૯
૯	જીવનચરિત્ર	૭૩
૧૦	સ્મૃતિચિત્રો–સંસ્મરણો–રોજનીશી વગેરે	૭૮
૧૧	પત્ર	૮૧
૧૨	આત્મકથા	૮૨
	–અનુવાદો	૮૫
૧૩	નિબંધ, નિબંધિકા અને હાસ્યરસની કૃતિઓ	૮૭
૧૪	પ્રવાસ	૯૩
૧૫	કેળવણી	૯૬
૧૬	તત્ત્વજ્ઞાન–ધર્મ–ચિન્તન વગેરે	૯૮
૧૭	ઇતિહાસ	૧૦૩
૧૮	સમાજવિદ્યા–વિજ્ઞાન–પ્રકીર્ણ	૧૦૬
૧૯	આયુર્વેદ–જ્યોતિષ	૧૧૦
૨૦	બાલ–કિશોર–પ્રૌઢ સાહિત્ય	૧૧૨

ગ્રંથકાર-ચરિતાવલિ ૧૧૯-૨૮૯

૧ અબ્દુલગની અબ્દુલકરીમ દહીંવાલા 'ગની' દહીંવાલા ૧૨૧
૨ અમીદાસ પરમાણુંદદાસ કાણકિયા ૧૨૩
૩ અમૃતલાલ લાલજીભાઈ ભટ્ટ 'અમૃત ઘાયલ' ૧૨૫
૪ અલારખભાઈ ઉસમાનભાઈ પોપટિયા 'સાલિક' પોપટિયા ૧૨૭
૫ અંબેલાલ નારણજી જોશી ૧૨૯
૬ ઉમેદભાઈ મોતીચંદ મણિયાર ૧૩૩
૭ ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલા ૧૩૪
૮ ચિનુભાઈ ભોગીલાલ પટવા 'ફિલસૂફ' ૧૩૭
૯ ચિમનલાલ ભોગીલાલ ગાંધી 'વિવિત્સુ' ૧૪૨
૧૦ છોટુભાઈ શંકરભાઈ સુથાર ૧૪૪
૧૧ જમિયતરામ કૃપાશંકર પંડ્યા 'જિગર' ૧૪૯
૧૨ જયંત હિંમતલાલ પાઠક ૧૫૨
૧૩ જયંત હીરજી ખત્રી ૧૫૫
૧૪ જિતુભાઈ પ્રભાશંકર મહેતા ૧૫૭
૧૫ દલસુખભાઈ ડાહ્યાભાઈ માલવણિયા ૧૬૦
૧૬ દામુભાઈ માવજીભાઈ સાંગાણી ૧૬૨
૧૭ દામોદર કેશવજી ભટ્ટ 'સુધાંશુ' ૧૬૪
૧૮ દેવજી રામજી મોઢા ૧૬૬
૧૯ ધનવન્ત પ્રીતમરાય ઓઝા ૧૬૯
૨૦ ધીરુભાઈ પ્રેમશંકર ઠાકર ૧૭૨
૨૧ નટવરલાલ કુબેરભાઈ પંડ્યા 'ઉશનસ્' ૧૭૭
૨૨ નંદકુમાર જેઠાલાલ પાઠક ૧૮૧
૨૩ નિરંજન નરહરિ ભગત ૧૮૩
૨૪ પિનાકિન્ ઉદયલાલ ઠાકોર ૧૮૬
૨૫ પીતાંબરભાઈ નરસિંહભાઈ પટેલ ૧૮૮
૨૬ પુષ્કર પ્રભાશંકર ચંદરવાકર ૧૯૨
૨૭ પ્રજારામ નરોત્તમ રાવળ ૧૯૭
૨૮ પ્રભુલાલ દયારામ દ્વિવેદી ૧૯૯
૨૯ પ્રાગજી જમનાદાસ ડોસા ૨૦૧
૩૦ પ્રિયકાન્ત પ્રેમચંદભાઈ મણિયાર ૨૦૩
૩૧ બબલભાઈ પ્રાણજીવનદાસ મહેતા ૨૦૬

૯૭૯૨૬
* ચીમનલાલ મગનલાલ ગ્રંથાલય *
ગુજરાતી સાહિત્ય પરિષદ

૩૨	બાલમુકુન્દ મણિશંકર દવે	૨૦૯
૩૩	ભદ્રકુમાર અંબાલાલ યાજ્ઞિક	૨૧૩
૩૪	ભાનુશંકર બાબરશંકર વ્યાસ 'બાદરાયણ'	૨૧૫
૩૫	ભોગીલાલ ચુનીલાલ ગાંધી	૨૧૮
૩૬	મગનભાઈ પ્રભુદાસ દેસાઈ	૨૨૧
૩૭	મુનિકુમાર મણિશંકર ભટ્ટ	૨૨૬
૩૮	મૂળશંકર મોહનલાલ ભટ્ટ	૨૨૯
૩૯	મોહનલાલ દલસુખરામ ભટ્ટ 'મોહિનીચન્દ્ર'	૨૩૨
૪૦	યશોધર નર્મદાશંકર મહેતા	૨૩૫
૪૧	રઘુનાથ ત્રિભુવનદાસ બ્રહ્મભટ્ટ	૨૩૮
૪૨	રતિલાલ કાશીલાલ છાયા	૨૪૦
૪૩	રમણીકલાલ બળદેવદાસ અરાલવાળા	૨૪૩
૪૪	રસિકલાલ છોટાલાલ પરીખ	૨૪૬
૪૫	રંભાબહેન મનમોહન ગાંધી	૨૫૪
૪૬	રાજેન્દ્ર કેશવલાલ શાહ	૨૫૭
૪૭	રામપ્રસાદ પ્રેમશંકર બક્ષી	૨૬૦
૪૮	લાભુબહેન મોહનલાલ મહેતા	૨૬૪
૪૯	વેણીભાઈ જમનાદાસ પુરોહિત	૨૬૬
૫૦	શિવકુમાર ગિરિજાશંકર જોશી	૨૬૯
૫૧	સુરેશ ફૂલચંદ ગાંધી	૨૭૪
૫૨	હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી	૨૭૬
૫૩	હરિવલ્લભ ચુનીલાલ ભાયાણી	૨૮૧
૫૪	હસિતકાન્ત હરિરાય બૂચ	૨૮૬
ગ્રંથકારોની સૂચિ		૨૯૧-૩૧૧

દાયકાના સાહિત્યનું પ્રવાહદર્શન

[૧૯૫૧ થી ૧૯૬૦]

ભાષાનું સ્વરૂપ કે સાહિત્યના પ્રવાહ, વર્ષે વર્ષે કે દાયકે દાયકે પલટાતા નથી. એને સમયનાં કોઈ જડબંધનોની રેખાઓથી સીમિત કરી શકાય નહિ. કોઈ ચોક્કસ સ્વરૂપની સમયમર્યાદાથી એમનું ગણિત માંડવા બેસીએ તો થાપ ખાવાનો પૂરો સંભવ છે. કોઈ એક જ દાયકો સાહિત્યસર્જનની સમૃદ્ધિથી ભર્યોભર્યો હોય અને એ પછીનામાં સર્જનપ્રવૃત્તિએ ઓટ પણ અનુભવી હોય; અને એથી ઊલટું બનવાની સંભાવના પણ ઓછી નથી. તેમ છતાં ચોક્કસ સ્વરૂપની કાળમર્યાદામાં રહીને, સાહિત્યનાં વહેણો અવલોકવાનો પ્રયત્ન કરીએ તો એમાં કશું અનુચિત પણ નથી. જૂનાં કયાં વહેણો ચાલુ રહ્યાં, કયાં નવાં વહેણો ઉમેરાયાં અને સમગ્ર રીતે એની ફલશ્રુતિ શી – એ સર્વનું અવલોકન પણ આનંદપ્રદ બની રહે છે. અવલોકનમાં ઉચ્ચ શિખરોનું દર્શન આપણને ગૌરવાન્વિત કરે છે, આસપાસની સરવર કે સરિતલીલા પ્રસન્નતા અર્પે છે અને કૂંળી કૂંળી હરિયાળીનું દર્શન પણ સંતર્પી રહે છે. મહાકાળના પ્રવાહમાં આ સર્વમાંથી શું અને કેટલું ટકશે એનું સમીકરણ માંડવું એ કદાચ અત્યારે અનુચિત લેખાય, તેમ છતાં સાહિત્યસ્વરૂપોના ભિન્ન ભિન્ન પ્રવાહોનું દર્શન કરતાં એમાં ક્યાંક ક્યાંક પેલા 'સનાતન'ની ઝાંખી તો અવશ્ય થાય જ. મહાકાળ વિવેચક પોતાના પ્રવાહમાં આ સર્વમાંથી કેટલું સંઘરશે એ ભલે અત્યારે આપણે ન ભાખીએ, પણ આવા પ્રવાહદર્શનમાં પ્રગટ થતા સત્ત્વને તો ઝીણી નજરે ઓળખવાનો યત્ન કરી શકાય. હવે પછીનાં પૃષ્ઠોમાં દસકાના વાઙ્મયપ્રવાહને આપણે વિભાગવાર અવલોકીશું, પરંતુ એ પૂર્વે આછેરું ઇતિહાસદર્શન કરી લઈએ.

આ દાયકો ઇતિહાસદષ્ટિએ અપૂર્વ પુરવાર થયો. ૧૯૬૦ના મે માસની પહેલીએ ગુજરાત રાજ્યનું નિર્માણ થયું. ગુજરાતનો છેલ્લો રાજપૂત રાજા કરણ વાઘેલો ઈ. સ. ૧૨૯૭માં, અલાઉદ્દીન ખિલજીના સૈન્ય સામે ટક્કર ન ઝીલી શકતાં, પાટણ ત્યજી ગયો અને ત્યારથી ગુજરાત પરાધીન

થયું. પૂરાં ૭૬૩ વર્ષો સુધી ગુજરાતે અનેક રાજસત્તાઓનું આગમન અને ગમન નિહાળ્યું. એ વર્ષોમાં ગુજરાતનું મધ્યકાલીન સાહિત્ય એકમાત્ર ધર્મના આલંબન વડે પ્રજાજીવનને ઓછીવત્તી પ્રેરણા અને બળ અર્પતું રહ્યું હતું. નરસિંહ, મીરાં, ભાલણ, અખો, પ્રેમાનંદ, શામળ અને દયારામ–મધ્યયુગના સાહિત્યગગનના આ સપ્તર્ષિઓ તેમ જ અર્વાચીનોમાં આદ્ય વીર નર્મદથી માંડી ગાંધીજી સુધીના બહુસંખ્ય જ્યોતિર્ધરોએ ગુજરાતની પ્રજાકીય ચેતનાના ઉત્થાનમાં ચિરંજીવ અર્પણ કર્યું છે. ગુજરાત હવે નિજના સ્વપ્નાં અને અસ્મિતા સિદ્ધ કરી શકે એવી અનુકૂળતા સર્જાઈ છે. જનતાનો પુરુષાર્થ ગુજરાતના સર્વાંગી વિકાસમાં કેવો કાર્યશીલ બને છે અને ગુજરાતનો સાહિત્યસર્જક એ પુરુષાર્થીઓને કેવો પોરસ ચડાવે છે એ આવતી કાલનો ઇતિહાસકાર નોંધશે. આજે તો ભારતમાં લોકશાહી વિકસી રહી છે અને ગુજરાતમાં પણ જનજાગૃતિનાં પૂર ઊમટી રહ્યાં છે એ શુભચિહ્ન છે.

આ દાયકા દરમ્યાન આપણી વચ્ચેથી ચિરવિદાય પામેલ સાહિત્યકારોનું સ્મરણ કરી લઈએ. સર્વશ્રી રામમોહનરાય ગુણવન્તરાય દેસાઈ, કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા, પ્રાણલાલ કિરપારામ દેસાઈ, હરગોવિંદ પ્રેમશંકર કવિ, ગજાનન વિશ્વનાથ પાઠક, ગોકુલદાસ રાયચુરા, બળવંતરાય ઠાકોર, કિશોરલાલ મશરૂવાળા, દુર્ગાશંકર શાસ્ત્રી, ખબરદાર, 'કવિચિત્રકાર' ફૂલચંદભાઈ, જગજીવનદાસ મોદી, રમણલાલ વસંતલાલ દેસાઈ, ડૉ. એરચ તારાપોરવાળા, જયસુખલાલ જોષીપુરા, રણછોડલાલ જ્ઞાની, દેસાઈભાઈ પટેલ, કેતન મુનશી, રામનારાયણ વિશ્વનાથ પાઠક, રત્નમણિરાવ ભીમરાવ જોટે, યશવંત પંડ્યા, મસ્તફકીર, અનંત ઠક્કર, સાકરલાલ દવે, દાદાસાહેબ માવલંકર, ચતુરભાઈ શંકરભાઈ પટેલ, બચુભાઈ શુકલ, દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, નરહરિ પરીખ, બકુલેશ, શંકરપ્રસાદ રાવળ, કાંતિલાલ છ. પંડ્યા, સુકાની, વિદ્યાબેન નીલકંઠ, નાનાભાઈ ભટ્ટ, લાભશંકર પ્રભુરામ ભટ્ટ, કપિલ ઠક્કર, ચંદ્રશંકર શુકલ, જીવણચંદ સા. ઝવેરી, કૃષ્ણલાલ શ્રીધરાણી, હીરાલાલ અ. શાહ, વજુ કોટક, ડૉ. રમણલાલ કલ્યાણરાય યાજ્ઞિક, જયેન્દ્રરાવ દૂરકાળ, નાથાલાલ દવાણી વગેરે. આ ઉપરાંત પ્રસિદ્ધ પત્રકારો સર્વશ્રી શામળદાસ ગાંધી, અમૃતલાલ દલપતભાઈ શેઠ; દેવદાસ ગાંધી અને પુસ્તક–પ્રકાશક ભુરાભાઈ શેઠ આદિને પણ કેમ ભુલાય? આ સદ્ગતોનું વાઙ્મયક્ષેત્રે જે સત્ત્વશીલ અર્પણ હશે તે અવશ્ય ચિરંજીવ રહેશે.

આ દાયકો શતાબ્દી ઉત્સવોથી અને પછી પૂર્તિ ઉજવણીથી સભર બન્યો.

મહામનીષી ગોવર્ધનરામની જન્મશતાબ્દીની ગૌરવગંભીર ઉજવણી આ દાયકાનું એક મધુરમંગલ સંભારણું બની રહેશે. એ ઉજવણીના પરિપાક રૂપ 'ગોવર્ધન શતાબ્દી ગ્રંથ' ગોવર્ધનરામના અભ્યાસીને ખૂબ સહાયરૂપ નીવડશે. શતાબ્દીનિમિત્તે પ્રકાશક એન. એમ. ત્રિપાઠીએ 'સરસ્વતીચંદ્ર'ની શતાબ્દી આવૃત્તિ પડતર કિંમતે પ્રગટ કરી અને એ મહાગ્રંથ સર્વસુલભ કર્યો.

હજી આજે પણ 'સરસ્વતીચંદ્ર' સાથે બેસે એવી મહાકૃતિ પ્રગટવી બાકી છે. ગોવર્ધનરામની પરમ પ્રાજ્ઞ પુરુષ તરીકેની પ્રતિષ્ઠાને સ્થિરદ્યુતિ કરે એવી 'સ્ક્રેપબુક્સ'નું સંપાદન સ્વ. કાંતિલાલ છ. પંડ્યાએ કર્યું એ પણ આ દાયકાનું એક ઉત્તમ કાર્ય થયું. ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળા શરૂ થઈ તેનો મંગલારંભ આપણા પ્રસિદ્ધ વિવેચક શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ 'ગોવર્ધનરામ—ચિન્તક અને સર્જક'એ વિષય પર આપેલ વ્યાખ્યાનોથી થયો.

આપણા ખ્યાતનામ સર્જકો અને વિવેચકોનું સાહિત્યક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન અને ગણનાપાત્ર સેવાઓ લક્ષમાં રાખી સાહિત્યપ્રેમીઓ અને તેમના મિત્રોએ ષષ્ઠીપૂર્તિ ઊજવેલી. તેમાં શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની ષષ્ઠીપૂર્તિ નિમિત્તે પ્રસિદ્ધ થયેલ તેમનાં લખાણોનો ગ્રંથ 'ઉપાયન' ખાસ ઉલ્લેખનીય છે. પ્રગાઢ ચિંતક અને વિદ્વાન સર્જક કાકાસાહેબની પંચોતેરમા વર્ષની ઉજવણી પ્રસંગે 'કાલેલકર અધ્યયન ગ્રંથ' પ્રગટ થયો. આ સાથે શ્રી ધૂમકેતુની ષષ્ઠીપૂર્તિ ૧૯૫૩માં ઊજવાઈ અને 'નવચેતન'ના આજીવન તંત્રી શ્રી ચાંપશીભાઈ ઉદ્દેશીએ પોતાની ષષ્ઠીપૂર્તિ ૧૯૫૨માં 'નવચેતન'નો 'તંત્રી અંક' પ્રગટ કરીને ઊજવી. અંબુભાઈ પુરાણીની ષષ્ઠીપૂર્તિ પણ આ જ દાયકામાં ઊજવાઈ. આપણા સમર્થ સાહિત્યકારો સર્વશ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદી, બાલાશંકર અને નરસિંહરાવની જન્મશતાબ્દી ૧૯૫૮માં તેમજ કેશવ હર્ષદ ધ્રુવની ૧૯૫૯માં પૂરા ગૌરવ અને ગાંભીર્યથી ઊજવાઈ. એ નિમિત્તે યોજાયેલ સભા-સમારંભોમાં તે તે સાહિત્યકારની અક્ષરસેવાઓને અંજલિ અર્પવામાં આવી હતી. આ સર્વ પ્રસંગોમાં 'આકાશવાણી'નો સહકાર પ્રશસ્ય હતો.

આ દાયકા દરમ્યાન 'વિશેષાંકો' ઠીક ઠીક સંખ્યામાં પ્રગટ થયા છે. 'કુમાર' માસિકનો એપ્રિલ ૧૯૫૭નો ૪૦૦મો અંક અને 'સંસ્કૃતિ'નો ૧૦૧મો અંક ખાસ નોંધપાત્ર અંકો બની રહેશે. 'બુદ્ધિપ્રકાશ'નો માર્ચ ૧૯૫૯નો દળદાર અંક 'શ્રી વિદ્યાબહેન સ્મૃતિ અંક', નારીરત્ન સ્વ. વિદ્યાબહેન

રમણભાઈ નીલકંઠને અંજલિ અર્પે છે. ગુજરાતનાં પ્રથમ બે સ્નાતક સન્નારીઓ વિદ્યાબહેન નીલકંઠ અને શારદાબહેન મહેતાનું સન્માન પણ આ દાયકામાં થયું તે અહીં નોંધવું જોઈએ. શ્રી દિલીપ કોઠારીએ આ દાયકાના આરંભનાં વર્ષોમાં 'શ્રીરંગ' વાર્ષિકના કેટલાક અંકો પ્રગટ કરી કલા અને સાહિત્યનો સુરુચિપૂર્ણ સમન્વય સાધી બતાવ્યો હતો. એ 'શ્રીરંગ'ની યાદ તાજી કરાવે એવું વાર્ષિક 'કેસૂડાં' કલકત્તાથી સાહિત્યપ્રેમીઓ પ્રગટ કરી રહ્યા છે. બીજા ખાસ ગણનાપાત્ર વિશેષાંકો છે 'સ્ત્રીજીવન'નો શ્રી ધૂમકેતુ ષષ્ઠીપૂર્તિ નિમિત્તે પ્રસિદ્ધ થયેલો ખાસ અંક અને ઑક્ટોબર ૬૦નો 'વિશ્વમાનવ'નો 'નવી નવલિકા વિશેષાંક.'

આ દસકા દરમ્યાન નવાં સામયિકો ઠીક ઠીક પ્રગટ્યાં, વિકસ્યાં અને ક્યારેક વિલાયાં પણ. શ્રી સુરેશ જોશીએ 'વાણી' અને હવે 'ક્ષિતિજ'નું સુકાન શ્રી પ્રબોધ ચોકસી સાથે સંભાળ્યું છે. શ્રી ભાનુ ઝવેરી (હવે ભાનુ પાટીલ)નું 'ગ્રંથાગાર' એએક વર્ષ ચમકારો બતાવીને વિલીન થયું. મુંબઈથી 'ગુજરાતી નાટ્ય' સામયિક પણ વીજળી જેમ ઝબકી ગયું. શ્રી ભોગીલાલ ગાંધીએ 'માનવ' અને હવે 'વિશ્વ માનવ' દ્વારા એક અભ્યાસપૂર્ણ, ચિંતન-પ્રેરક સામયિકની ખોટ પૂરી છે. કવિતાનાં સામયિકોમાં 'કવિલોક' અને 'કવિતા અનિયતકાલિક' નોંધપાત્ર છે. બંનેમાં નવતર કવિતાનાં વહેણો અને વળાંકોનાં દર્શન થાય છે. શ્રી ધનવંત ઓઝાએ 'ગ્રંથ-પરિચય' થોડોક સમય ચલાવ્યું તેમાં નવાં પુસ્તકો અને દેશ-વિદેશના સાહિત્યસ્વામીઓનો સુરેખ પરિચય અપાતો હતો. ગુજરાતી સાહિત્ય પરિષદે 'પરબ' નામે પરિષદનું મુખપત્ર શરૂ કર્યું છે. 'પરબ' વિવેચન અને સંશોધનના ક્ષેત્રે ગણનાપાત્ર પ્રદાન કરી વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરે એવી શ્રદ્ધા અસ્થાને નથી. સૂરતના ચુનીલાલ ગાંધી વિદ્યાભવન તરફથી પ્રગટ થતું વાર્ષિક અભ્યાસલેખોથી સભર હોય છે. ભારતીય વિદ્યાભવન તરફથી પ્રગટ થતું સામયિક 'સમર્પણ' ભવનની અનેકવિધ સાંસ્કારિક પ્રવૃત્તિઓમાં એકનો ઉમેરો કરે છે. આ દાયકામાં પ્રસિદ્ધ થયેલું શ્રી. સોપાન-દંપતીનું 'ગૃહમાધુરી', ગુજરાત સમાચારનું 'શ્રીરંગ' વગેરે સ્થિર થતાં જાય છે. શિષ્ટ અને સંસ્કારી સામયિકો પ્રજાની ઊઘડતી જતી વાચનભૂખને પોષે છે અને સંસ્કારે છે. વધતી જતી વાચનતૃષા અને ઊભા થતા નવા વાચકવર્ગના કારણે સામયિકોનું પ્રસારણ પણ વિસ્તર્યું છે. 'અખંડ આનંદ' અને 'જન કલ્યાણ' દૈનિક જેટલી નકલો કાઢતાં થયાં છે એ આ દાયકાની નોંધપાત્ર હકીકત છે. પાંગરતી પેઢીને

સતત પ્રેરણા આપતું કલાત્મક માસિક 'કુમાર' અને પ્રજાના સાહિત્ય અને સંસ્કારજીવનને સમૃદ્ધ કરતું 'સંસ્કૃતિ' આ દાયકાનાં ગૌરવશાળી માસિકો બની રહ્યાં છે. 'ચાંદની', 'આરામ' અને બીજાં કેટલાંક નવાં વાર્તામાસિકો આ દાયકાની દેન છે. પરિણામે નવા વાર્તાલેખકો અને નવો વાચકવર્ગ પુષ્ટ થતો જાય છે.

આ જ દાયકામાં એક નહીં પણ ત્રણ ત્રણ યુનિવર્સિટીઓ ગુજરાતમાં કેળવણીક્ષેત્રે નવપ્રસ્થાન કરી રહી. માધ્યમ પરત્વે ત્રણેય યુનિવર્સિટીઓ ભિન્નત્વ ધરાવે છે. ગુજરાત યુનિવર્સિટીમાં ગુજરાતી અને/અથવા અંગ્રેજી, વલ્લભ વિદ્યાનગરમાં હિંદી અને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરામાં અંગ્રેજી માધ્યમ વિશેનો અખતરો ગુજરાતની ભૂમિની સહિષ્ણુતાનો દ્યોતક કહી શકાય ખરો. ગુજરાત યુનિવર્સિટી ગુજરાતની મોટામાં મોટી પ્રાદેશિક યુનિવર્સિટી છે. આજે આ યુનિવર્સિટી વટવૃક્ષની જેમ વિસ્તરી રહી છે. ઉચ્ચ શિક્ષણમાં બોધભાષા તરીકે માતૃભાષા ગુજરાતીનું ગૌરવ કરીને ગુ. યુનિ.એ કેળવણીક્ષેત્રે એક પ્રશસ્ય પ્રયાણ કર્યું છે. વિનયન, વિજ્ઞાન, વાણિજ્યની તમામ શાખાઓમાં તેમ જ ટૅકનોલૉજી, તબીબી વિદ્યા જેવા વિષયોમાં આવતા અંગ્રેજી શબ્દો પરથી પારિભાષિક ગુજરાતી પર્યાયો યોજવાનો પુરુષાર્થ ગુજરાત યુનિવર્સિટી કરી રહી છે. પારિભાષિક શબ્દોનો જેમ જેમ વપરાશ વધશે તેમ તેમ એ શબ્દો સ્થિર થશે અને એથી આપણી ભાષાની ગુંજાશ વધશે એટલું જ નહીં પણ અભિવ્યક્તિની સૂક્ષ્મતા પણ સધાશે. ભાષાના ખેડાણમાં થઈ રહેલી પ્રક્રિયા આજે તો અનિવાર્ય છે. નવા શબ્દો, લઢણો અને પ્રયોગોથી આપણી ગરવી ગુજરાતી વધુ ખમીરવંતી થશે. ઉચ્ચશિક્ષણક્ષેત્રે ગુજરાતીનો બોધભાષા તરીકે સ્વીકાર થતાં વિવિધ વિષયોનાં અને વિવિધ લેખકોનાં પુસ્તકો પ્રકાશિત થઈ રહ્યાં છે. આમાંનાં ઘણાંખરાં અંગ્રેજી પુસ્તકોની સવિશેષ છાયા ઝીલતાં અને તરજુમિયા પ્રકારનાં પણ છે. ગુજરાતની પ્રકાશનપ્રવૃત્તિ આને કારણે જાણે દોટ મૂકી રહી છે. આ હરીફાઈમાંથી લાંબે ગાળે પણ ઉત્તમ કોટિનાં મૌલિક પુસ્તકો આપણને પ્રાપ્ત થાય અને આપણા વિચારકોનું સત્ત્વ સહજ રીતે એમાં ઊતરી આવે એવી આશા રાખીએ. ત્યાંસુધી ગુજરાત યુનિવર્સિટીએ અન્ય ભાષાના ઉત્તમ શિષ્ટ ગ્રંથોને ગુજરાતીમાં અનુવાદિત કરાવવાનો આદરેલો પ્રયોગ સફળ બની રહો. ગુજરાતી ભાષા સાહિત્યના સર્વતોમુખી વિકાસ માટે અનેક ક્ષિતિજો ઊઘડી ચૂકી છે. ભાષા પણ એક ધબકતી ચીજ છે. ગુજરાતીની અભિવ્યંજના શક્તિ ખૂબ ખીલો.

ગુજરાતી સાહિત્ય પરિષદ પુનર્જન્મ પામી એ આ દશકાની આપણા સાહિત્યજગતની મહત્ત્વની ઘટના કહી શકાય. ઈ. સ. ૧૯૫૫ માં સાહિત્ય પરિષદનું સંમેલન શ્રી કનૈયાલાલ મુનશીના પ્રમુખપદે નડિયાદમાં મળ્યું ત્યારે એ સાક્ષરભૂમિમાં યુવાન સાહિત્યકારોની આગ્રહભરી માગના પરિણામે શ્રી મુનશીએ ખેલદિલીથી નવીનોને આવકાર્યા અને પરિષદના બંધારણમાં આવશ્યક સુધારા સ્વીકાર્યા. તે પછી તો સાબરમતીમાંથી ઘણું પાણી વહી ગયું. અમદાવાદમાં ૧૯૫૯ના ઑક્ટોબરમાં શ્રી કાકાસાહેબ કાલેલકરના પ્રમુખ-પદે નવજીવન પામેલી પરિષદનું સંમેલન મળ્યું ત્યારે શ્રી મુનશીએ હાજર રહી શુભેચ્છા અને આશિષ આપ્યાં. ત્યાર પછી ૧૯૬૦ ના ઑક્ટોબરમાં પરિષદના ઉપક્રમે મોડાસા ખાતે જ્ઞાનસત્ર યોજાયું અને મુક્ત મિલનનો આનંદ આપતા ‘લેખકમિલન’ની યાદ આપી ગયું. જ્ઞાનસત્રને નોંધપાત્ર સફળતા મળી. આવાં સત્રો પ્રજાની સાહિત્યિક સુરુચિ ઘડવામાં અને નવજાગૃતિ પ્રગટાવવામાં સારો ફાળો આપી રહે છે. એક વર્ષ પરિષદનું સંમેલન યોજાય અને એક વર્ષ જ્ઞાનસત્ર ગોઠવાય એ પ્રથા આવકાર્ય છે. આશા રાખીએ કે પરિષદ પ્રાણવાન બને અને સાચા અર્થમાં પ્રજાની પ્રતિનિધિ બને.

અહીં ‘લેખકમિલન’ને પણ યાદ કરવું જોઈએ. ૧૯૫૦ માં વડોદરા, ૧૯૫૩ માં સૂરત, ૧૯૫૫ માં ફરી વડોદરા અને ૧૯૫૭ માં અમદાવાદમાં ‘લેખકમિલન’ની બેઠકો યોજાઈ હતી. લેખકમિલનની ખૂબી એની અનૌપચારિકતામાં હતી. પોતાને લેખક માનતી પ્રત્યેક નાનીમોટી વ્યક્તિ એમાં ઉલટભેર ભાગ લેતી. વળી ગૌરવપ્રદ બીના એ હતી કે લેખકમિલનને એનું બંધારણ જ ન હતું. એક અલગારી યુવાનની અદાથી એ સંસ્થા ગુજરાતને એક સ્થળેથી બીજે સ્થળે ઘૂમતી રહી અને સત્કારાતી રહી. સાહિત્યપરિષદમાં નવું લોહી પ્રવેશ્યુ અને લેખકમિલનનો પ્રવાહ સાહિત્ય-પરિષદમાં સાહજિક રીતે સમરસ બની ગયો. લેખકમિલનનો રંગ પરિષદની પ્રૌઢતાને લાગશે તો જરૂર એનો કાયાકલ્પ થશે. સાહિત્ય પરિષદ આંતરે વરસે મળે છે. બે પરિષદો વચ્ચેના વચલા વર્ષમાં શહેરથી દૂર કોઈ ગ્રામવિસ્તારમાં ‘જ્ઞાનસત્ર’ યોજાય છે. ‘જ્ઞાનસત્ર’માં ખ્યાતનામ અને આશાસ્પદ લેખકો સાથે મળી મુક્ત ચર્ચા કરી શકે છે. જાણેઅજાણે ‘લેખક મિલન’નું રૂપાંતર ‘જ્ઞાનસત્ર’માં થયું છે એ નોંધવું જોઈએ.

આ જ દાયકામાં અખિલ ભારતીય ધોરણે ‘સાહિત્ય અકાદેમી’ નામની સંસ્થા બારમી માર્ચ ૧૯૫૪ ને ‘દાંડીકૂચ-દિને’ દિલ્હીમાં સ્થપાઈ. ત્યારે

અકાદેમીના પ્રમુખ શ્રી જવાહરલાલ નહેરુ હતા અને ઉપપ્રમુખ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ હતા. ભારતનાં તમામ રાજ્યોના પ્રતિનિધિઓ એમાં છે. અકાદેમી ભારતીય સાહિત્યગ્રંથસૂચિ તૈયાર કરી રહી છે. વીસમી સદીમાં હયાત હોય એવા સાહિત્યકારોનાં પુસ્તકોની (૧૯૫૩ સુધીની) સૂચિ, દેશની બધી જ ભાષાઓની, તૈયાર થઈ રહી છે. કેટલાક ભાગો છપાઈ ચૂકયા છે. દરેક ભાષાના સાહિત્યનો ઇતિહાસ ત્રણસો જેટલાં પૃષ્ઠોમાં તૈયાર કરવાની યોજના પણ અમલમાં મુકાઈ રહી છે. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ તૈયાર કરવાનું શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ સ્વીકાર્યું છે. ભારતીય સાહિત્યકારોના પરિચયનું પુસ્તક Who's Who તૈયાર થઈ રહ્યું છે. 'સમકાલીન ટૂંકી વાર્તાઓ'નો સંગ્રહ પણ દેશની ભાષાઓમાંથી પ્રતિનિધિ વાર્તાઓ પસંદ કરીને પ્રગટ કર્યો છે. 'ઇન્ડિયન લિટરેચર' નામે એક અર્ધ વાર્ષિક ૧૯૫૮ થી અકાદેમી પ્રગટ કરે છે, જેમાં દર વરસે દેશની દરેક ભાષામાં થયેલી સાહિત્યપ્રવૃત્તિનો પરિચય અપાય છે. અકાદેમીમાં આરંભથી જ આપણા પ્રતિનિધિ તરીકે પ્રસિદ્ધ સાહિત્યકારો શ્રી કાકા કાલેલકર અને શ્રી ઉમાશંકર જોશી બેસે છે.

અકાદેમીએ ગોવર્ધનરામ ત્રિપાઠીની અપ્રગટ 'સ્ક્રેપ બુક'નાં બે વૉલ્યુમોના પ્રકાશનમાં આર્થિક સહાય કરી છે. દર વરસે ભારતની તે તે ભાષામાં પ્રગટ થયેલા ઉત્તમ ગ્રંથને પાંચ હજારનું પારિતોષિક આપવાનો પ્રબંધ અકાદેમીએ કર્યો છે. આ દાયકા દરમ્યાન ગુજરાતીમાં પ્રગટ થયેલ 'મહાદેવભાઈની ડાયરી' ભાગ-૧ (સ્વ. મહાદેવભાઈ દેસાઈકૃત), 'બૃહત્ પિંગલ' (સ્વ. રા. વિ. પાઠકકૃત), તેમ જ 'દર્શન અને ચિંતન' (પંડિત સુખલાલજીકૃત), અકાદેમી પારિતોષિક પામ્યાં છે. અકાદેમીના સૂચન અનુસાર અન્ય ભાષાઓની ઉત્તમ કૃતિઓ ગુજરાતીમાં સુલભ બની છે. 'ભગવાન બુદ્ધ' (અનુ. સ્વ. ગોપાલરાવ કુલકર્ણી); 'રવિ-રશ્મિ' ૧-૨ (અનુ. સ્વ. બચુભાઈ શુક્લ); 'માટીની મૂર્તિઓ' (અનુ. જયન્ત બક્ષી); 'બાણભટ્ટની આત્મકથા' (અનુ. નવરંગ ધોળકિયા); 'મોલિયેરનાં બે નાટકો' (અનુ. હંસા મહેતા). આ ઉપરાંત 'ગુજરાતીનાં એકાંકી' (સં. શ્રી ગુલાબદાસ બ્રોકર); 'નાનાલાલ મધુકોષ' (સં. શ્રી અનંતરાય રાવળ); 'સરસ્વતીચંદ્ર બૃહત્ સંક્ષેપ' (સં. શ્રી ઉપેન્દ્ર પંડ્યા) અને 'ગુજરાતી ટૂંકી વાર્તા' (સં. શ્રી મનસુખલાલ ઝવેરી) પણ અકાદેમીનાં પ્રકાશનો છે.

સાહિત્ય અકાદેમી હજી તો પાંગરતો છોડ છે. દેશની અને દુનિયાની વિવિધ ભાષાઓની ઉત્તમ કૃતિઓ દ્વારા સંસ્કારવિનિમય શક્ય બનાવતી

અકાદેમાં ખૂબ ફૂલેફાલે એવી અભ્યર્થના. સાહિત્ય અકાદેમીના પ્રમુખ શ્રી જવાહરલાલ નહેરુને વરદ હસ્તે ૧૯૫૯ના નવેંબરની ૨૮ મીની સવારે અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠના પ્રાંગણમાં કવિશ્રી ન્હાનાલાલની મહત્ત્વાકાંક્ષી કૃતિ 'હરિસંહિતા'નું પ્રકાશન થયું એ એક મધુર યોગ કહેવાય. તે દિવસે ગુજરાતનો લાડીલો કવિ રાષ્ટ્રના લાડીલા નેતાને હાથે બહુમાન પામ્યો એ ઘટના આપણા ઇતિહાસમાં ચિરંજીવ રહેશે.

જેમ સાહિત્ય એકાદમી ભારતની ભગિનીભાષાઓ વચ્ચે સેતુ બની રહી છે તેમ બીજી પણ એક સરકારપ્રેરિત પ્રવૃત્તિની અહીં નોંધ લેવી જોઈએ. ૧૯૫૬માં બૃહદ્ મુંબઈ રાજ્ય સ્થપાયું ત્યારે અને ૧૯૬૦ માં ગુજરાત રાજ્ય સ્થાપાયું ત્યારે પણ તે તે પ્રાદેશિક સરકારોએ રાજ્યભાષાઓની વર્ષની ઉત્તમ કૃતિઓને ઇનામ આપવાની પ્રથા શરૂ કરી છે. કવિતા, વાર્તા, નાટક, નવલકથા, વિવેચન, વિજ્ઞાન, બાલસાહિત્ય વગેરેમાં બબ્બે ત્રણ ત્રણ ઇનામો અપાય છે એથી સાહિત્યકારોને ઉત્તેજન મળે છે એ ચોક્કસ. પસંદગી સમિતિના નિર્ણયો વિશે ભાગ્યે જ એક મત પ્રવર્તી શકે. વાદવિવાદમાંથી જ ધીરે ધીરે સંવાદ સ્થપાય એવી શ્રદ્ધા સાહિત્યના ક્ષેત્રમાં વધુ પડતી ન ગણાય.

ગુજરાતી સાહિત્યનું સર્વોચ્ચ માન જેમાં ગૌરવપૂર્વક જળવાયું છે તે રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરનાર આ દાયકાના દસે સાહિત્ય-સંસ્કાર સેવકોને અભિનંદન આપીએ છીએ અને એમની સાધના સિદ્ધિનાં નવાં શિખરો સર કરે એવી શુભેચ્છા સેવીએ છીએ. સર્વશ્રી જયશંકર 'સુંદરી' (૧૯૫૧), કે. કા. શાસ્ત્રી (૧૯૫૨), ભોગીલાલ સાંડેસરા (૧૯૫૩), ચંદુલાલ. પટેલ (૧૯૫૪), અનંતરાય રાવળ (૧૯૫૫), રાજેન્દ્ર શાહ (૧૯૫૬), ચુનીલાલ મડિયા (૧૯૫૭), કૃષ્ણલાલ શ્રીધરાણી (૧૯૫૮), જયંતી દલાલ (૧૯૫૯), હરિપ્રસાદ શાસ્ત્રી (૧૯૬૦). આવું જ બીજું માન છે નર્મદ સુવર્ણચંદ્રક. આ દાયકાના નર્મદ ચંદ્રક વિજેતાઓ છે સર્વશ્રી ચુનીલાલ મડિયા, સુન્દરમ્, ધૂમકેતુ, કિશનસિંહ ચાવડા, હરિપ્રસાદ શાસ્ત્રી, શિવકુમાર જોશી અને નિરંજન ભગત. આ સર્વ સાહિત્યકારોને પણ મુબારકબાદી. બંને ચંદ્રકો સાથે સંકળાયેલી ગુજરાતની અસ્મિતાના બે જ્યોતિર્ધરોની સ્મૃતિ એના ધારકોને સદાય પ્રેરણા આપતી રહેશે.

આ દાયકો ગયા દાયકા (૧૯૪૧-૧૯૫૦) જેટલો રોમહર્ષણ બનાવોથી ભરચક નથી. સર્જનક્ષેત્રે એ બનાવોને આલેખતી કે ગૂંથી લેતી કોઈ

નોંધપાત્ર કૃતિ એ દાયકામાં નહોતી મળી. સર્જક ચિત્ત ક્યારે સંવેદન અનુભવશે એ કહી શકાય નહિ. કાર્યકારણનો કોઈ નિયમ વાઙ્મય સૃષ્ટિમાં કારગત નીવડચો જાણ્યો છે? કેટલીયે ઐતિહાસિક ઘટનાઓ સર્જકને ઉશ્કેર્યા કે ઉત્તેજ્યા વિના કાળગર્ભમાં વિલીન થઈ જાય છે. આ દાયકાના મહત્ત્વના બનાવો સાથે સીધો સંબંધ નથી એવી કેટલીક મહત્ત્વની કૃતિઓનો ઉલ્લેખ અહીં અનિવાર્ય ગણાય.

આ દાયકાનું કવિતાસાહિત્ય ગયા દાયકાને મુકાબલે વિપુલ અને સમૃદ્ધ પણ છે. 'યાત્રા' અને 'ધ્વનિ' જેવા કાવ્યસંગ્રહો આ દાયકાનાં શ્રેષ્ઠ પ્રકાશનો છે, તો આપણા સદ્‌ગત કવિશ્રી ન્હાનાલાલનું સત્તાવીસ હજાર પંક્તિઓમાં વિસ્તરીને મહાન કાવ્યરચનાના આપણે ત્યાં થયેલા પ્રયોગોમાં વિશિષ્ટ અને લાક્ષણિક ભાત પાડતું 'હરિસંહિતા'નું પ્રકાશન પણ આ દાયકાની અવિસ્મરણીય ઘટના છે. વિવિધ પેઢીની કાવ્યપ્રવૃત્તિઓ આ દાયકાને એક અનોખી છટા અર્પે છે. ન્હાનાલાલ, રામનારાયણ, દેશળજી પરમાર, સુન્દરમ્–ઉમાશંકર અને એમની પેઢીના કવિઓ તેમ જ નવતર કવિઓની કવિતા–આ સર્વથી આ દાયકાની કવિતા વિવિધ રંગો ધારણ કરે છે.

તો, નવલકથાક્ષેત્રે શ્રી દર્શકની 'ઝેર તો પીધાં છે જાણી જાણી'ના બે ભાગ; શ્રી પન્નાલાલ પટેલની 'માનવીની ભવાઈ'ના અનુસંધાનમાં લખાયેલી 'ભાંગ્યાના ભેરુ'એ આ દાયકાની ઉત્તમ કૃતિઓ છે. જૂનાઓમાં શ્રી કનૈયાલાલ મુનશીની 'ભગ્નપાદુકા' (પહેલો ભાગ) અને 'તપસ્વિની' (ત્રણ ભાગ) નોંધપાત્ર છે. શ્રી ધૂમકેતુ અને શ્રી ગુણવંતરાય આચાર્ય સંખ્યાની દૃષ્ટિએ થોકબંધ નવલકથાઓ અને 'ગ્રંથાવલિ'ઓ આપ્યે જ જાય છે; જેમાંની મોટાભાગની કૃતિઓમાં વાર્તારસ સિવાય કશું જ ચિરંજીવ નથી. શ્રી પેટલીકરની 'પ્રેમપંથ', શ્રી મડિયાની 'વેળા વેળાની છાંયડી' અને 'લીલુડી ધરતી'; શ્રી પીતાંબર પટેલની 'ખેતરને ખોળે'; શ્રી સારંગ બારોટની 'નંદનવન' પણ ઉલ્લેખનીય છે. નવીન લેખકોમાં શ્રી શિવકુમાર જોશીકૃત 'કંચુકી બંધ' અને 'અનંગ રાગ'; શ્રી 'સુહાસી'ની 'મેઘલી રાતે'; શ્રી ભગવતીકુમાર શર્માની 'પ્રેમયાત્રા'; શ્રી વિશ્વમિત્રની 'મંગલયાત્રા'; શ્રી શ્રી મોહમ્મદ માંકડની 'કાયર'; શ્રી ચંદ્રકાંત બક્ષીકૃત 'પડઘા ડૂબી ગયા' અને 'રોમા' ખાસ નોંધપાત્ર છે. એમાં શ્રી શિવકુમાર અને શ્રી ચંદ્રકાન્ત, શ્રી ભગવતીકુમાર અને શ્રી મોહમ્મદ માંકડ ખૂબ જ આશાસ્પદ નવલકથાકારો છે.

નવલિકાના પ્રદેશમાં આ દાયકે ઠીક ઠીક સંખ્યામાં નવા વાર્તાસંગ્રહ મળ્યા છે. શ્રી સુરેશ જોષીકૃત 'ગૃહપ્રવેશ', શ્રી ચંદ્રકાન્ત બક્ષીકૃત 'પ્યાર'; સ્વ. કેતન મુનશીકૃત 'સ્વપ્નનો ભંગાર', શ્રી મોહનલાલ પટેલકૃત 'હવા તુમ ધીરે બહો !', શ્રી રમણલાલ પાઠકકૃત 'સબસે ઊંચી પ્રેમસગાઈ', શ્રી સરોજબહેન પાઠકકૃત ' પ્રેમ ઘટા ઝુક આઈ '—આટલા ખાસ ઉલ્લેખપાત્ર સંગ્રહો છે. શ્રી કિશનસિંહ ચાવડાકૃત 'અમાસના તારા' વાર્તાક્ષેત્રે એક અપૂર્વ, અનોખું, અર્પણ છે. શ્રી ચુનીલાલ મડિયાના 'શરણાઈના સૂર' અને 'અંતઃસ્રોતા' એ બંને સંગ્રહો એમની સ્થિરદ્યુતિ વાર્તાકલાની શાખ પૂરે છે. શ્રી જયંતી દલાલકૃત 'આ ઘેર પેલે ઘેર', શ્રી પન્નાલાલ પટેલકૃત ' 'વાત્રકને કાંઠે' અને શ્રી બ્રોકરકૃત ' પુણ્ય પરવાર્યું નથી ' પણ નિજી વ્યક્તિત્વના મહોરવાળા વાર્તાસંગ્રહો છે.

નાટકની દિશામાં ખાસ કરીને એકાંકી નાટકો અને રેડિયો નાટિકાઓના ક્ષેત્રમાં આ દાયકે સારું એવું પ્રદાન થયું છે. નવીનોમાં સૌ પ્રથમ શ્રી શિવકુમાર જોશીકૃત 'પાંખ વિનાનાં પારેવાં' અને 'અનંત સાધના' તેમ જ 'સુમંગલા' નોંધપાત્ર નાટ્યકૃતિઓ છે. શ્રી મડિયાના 'રંગદા', વિષવિમોચન' અને 'શૂન્યશેષ', શ્રી ઉમાશંકર જોશીકૃત 'શહીદ', શ્રી બ્રોકર કૃત 'જ્વલંત અગ્નિ', શ્રી જયંતી દલાલકૃત 'બીજો પ્રવેશ', 'ત્રીજો પ્રવેશ' અને 'ચોથો પ્રવેશ', શ્રી ચંદ્રવદનકૃત 'રંગભંડાર' અને 'હોહોલિકા' તેમ જ શ્રી કનૈયાલાલ મુનશીકૃત 'વાહ રે મૈં વાહ' એ નોંધપાત્ર પ્રકાશનો છે. રેડિયોના માધ્યમે, નાટ્ય સ્પર્ધાએ અને સરકારી ઇનામોએ નાટ્યલેખનને ઉત્તેજન આપ્યું છે એમ કહેવામાં અત્યુક્તિ નથી.

સંખ્યાની દૃષ્ટિએ વિપુલ દેખાતો ચરિત્ર વિભાગ ટિળક, મણિલાલ, કિશોરલાલ, ત્રિભુવનદાસ ગજ્જર જેવાની જીવનકથાઓથી, ઇંદુલાલ, નાનાભાઈ ચંદ્રવદન, મુનશી, ધૂમકેતુ જેવાની આત્મકથાઓથી, ગાંધીજી જેવી વિભૂતિનાં આલેખાયેલાં વિવિધ સંસ્મરણોથી, મહાદેવભાઈની ડાયરીના પાંચમા ભાગના પ્રકાશનથી તેમ જ નરસિંહરાવની રોજનીશી અને ગાંધીજીના પત્રોના સંપાદનથી સત્ત્વવંતો બન્યો છે.

કાકાસાહેબ, રામનારાયણ, મશરૂવાળા તેમ ઉમાશંકરના નિબંધસંગ્રહો; જ્યોતીન્દ્ર, ઉમાશંકર, ચિનુભાઈ પટવા, બકુલ ત્રિપાઠીના લઘુ–લલિત નિબંધો આ દાયકાનાં આવકારદાયક પ્રકાશનો છે. બળવંતરાય, રામનારાયણ, સંજાણા, ઉમાશંકર, અનંતરાય, મનસુખલાલ, અને સુરેશ જોશીના

વિવેચનગ્રંથો, કે. કા. શાસ્ત્રી અને અનંતરાય રાવળના પ્રાચીનમધ્યકાલીન યુગ વિશેનાં સાહિત્ય–ઇતિહાસ–લેખનો આ દાયકાના નિબંધવિવેચન વિભાગને ઉજમાળો બનાવે છે.

પંડિત સુખલાલજીના 'દર્શન અને ચિંતન' જેવા લલિતેતર વિભાગની સમૃદ્ધિ દાખવતા ગ્રંથો, 'બૃહત્ પિંગલ' જેવો શકવર્તી સંશોધન ગ્રંથ, 'કચ્છનું સંસ્કૃતિદર્શન' જેવો તે પ્રદેશનો સર્વગ્રાહી આકરગ્રંથ, ડૉ. ભાયાણી, પ્રિ. કે. બી. વ્યાસ, ડૉ. સાંડેસરા અને શ્રી. કે. કા. શાસ્ત્રી જેવા વિદ્વાનોનાં શાસ્ત્રીય સંપાદનો અને એત્રણ ભાષાવિજ્ઞાનનાં પુસ્તકો, ભગવદ્ગોમંડલના છેવટના ચાર ગ્રંથો, રસિકલાલ પરીખનું 'ગુજરાતની રાજધાનીઓ', હરિપ્રસાદ શાસ્ત્રીનું 'મૈત્રકકાલીન ગુજરાત' અને 'દર્શક'નું 'આપણો વારસો અને વૈભવ' જેવાં ઇતિહાસ વિભાગનાં સમૃદ્ધ પ્રકાશનો—આ સર્વ વીસમી સદીના છઠ્ઠા દાયકાનો ઉત્તમ ફાલ છે એમ કહી શકાય.

હવે ક્રમેક્રમે સર્વ સાહિત્યસ્વરૂપોની કૃતિઓનું પંખીદર્શન કરીએ.

■